ANUBHAVS



# આપની અગાધ કૃપા ...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



- વિલાસ ખાડે

નાની મોટી બિમારી હોય કે પછી પારિવારિક સમસ્યા હોય, રોજબરોજની સાધારણ આર્થિક સંકટ હોય કે પછી દેવાનો પહાડ હોય, કોઇ પણ સંકટ સમયે આપણા ભગવાન બાપુરાયાને સાદ પાડતા ‘એ’ દોડીને આવ્યા વગર રહેતા જ નથી. યથાવત કારણ વગર જ મારી સમક્ષ ઉભા રહેલાં દેવાનાં સંકટમાંથી મને સદ્દ્ગુરુરાયાએ કેવી રીતે ઉગાર્યો હતો, આ અતંર્ગત થયેલાં અનુભવની વાત છે.

વર્ષ 2005ની આ વાત છે. મારા ગામ નિપાણીમાં અમારા પૂર્વજોનું એક નાનુ ઘર છે. મારો સેવાનિવૃત્તિનો સમય નજીક આવતો હતો, તેથી અહીં  મોટુ ઘર બનાવવાના વિચાર સાથે મેં કોલ્હાપુરમાં મારી બદલી કરાવી હતી અને હું નિપાણી રહેવા માટે આવ્યો હતો. આ સમયે વૃદ્ધાવસ્થાના કારણે પિતાજીને ઘણી બિમારીઓ થઈ હતી. પરિણામે અન્ય પ્રવૃતિઓ છોડીને પિતાજીની બિમારીને પ્રાથમિકતા આપી હતી. 15 ઓક્ટોંબર 2005ના દિવસે પિતાજીનું નિધન થયુ હતું.

પિતાજીનાં નિધન પછી અચાનક  મારા નાના ભાઈ દ્વારા કરવામાં આવેલાં દુષ્કૃત્યો વિષે ખબર પડી હતી. તેણે દશ લાખ રુપિયાનું દેવુ કર્યુ હતું.  મને અંધારામાં રાખીને પિતાજીના હસ્તાક્ષર કરાવીને તેનો ગેરલાભ ઉઠાવ્યો હતો. આ વાતથી મને ખૂબ મોટો ધક્કો વાગ્યો હતો. આ પહેલાં વર્ષ 2002માં મને હૃદયરોગના હુમલાની તકલીફ થઈ હતી. પરંતુ તેની સરખામણીમાં  આ દેવાનો ધક્કો વધારે જોરથી વાગ્યો હતો. પરંતુ આજે આ ઘટનાને યાદ કરુ છુ ત્યારે મને અજુગતુ લાગે છે કે આટલા મોટા દેવાની વાતથી  મારી પર કોઇ માઠી અસર પડી નહોતી. આ વાતનું એક જ કારણ હતું... મારા સદ્દ્ગુરુ શ્રીઅનિરુદ્ધ બાપુજીએ પ્રવચનના માધ્યમ દ્વારા સમજાવેલાં કર્મના અટળ સિદ્ધાંત અને તેને સહન કરવા માટે શક્તિ આપનાર સદ્દ્ગુરુ ભક્તિ, સદ્દ્ગુરુ ઉપાસના અને તેનાં માધ્યમથી ઉદ્ ભવતા સકારાત્મક વિચારો. મુખ્યત્ત્વે મારા મનમાં દૃઢ વિશ્વાસ બંધાઈ ગયો હતો કે  મારા કોઇ પણ અપરાધ વગર ઉદ્દ્વેલા દેવાનાં ભારને બાપુએ જે કરવુ હશે તે કરશે.



આવી પરિસ્થિતીમાં દેવા વિષેનાં ખોટા વિચારો કરવાનો કોઇ અર્થ નહોતો. કારણ કે પિતાજીનાં નામ પર થયલું દેવુ ભરપાઈ કરવાનું મારા હાથમાં લખાયેલુ જ હતું.

આ દેવા પૈકી 'શ્રીરામ સહકારી બેંક નિપાણી'નું બે લાખ રુપિયાનું દેવુ પ્રાથમિક ધોરણે ભરવુ આવશ્યક હતું. આ સમયે બેંક આર્થિક સમસ્યાથી ઘેરાયેલી હતી. અને 'કોસમોસ કો.-ઓપ. બેંક લિ., પુના' નામની બહુરાજ્ય બેંકમાં તે મર્જ થવાની હતી. તેથી મર્જ થાય તે પહેલાં ભરપાઈ થયેલાં દેવાનું પ્રમાણપત્ર લેવાનું આવશ્યક હતું. આ અનુસાર હું પ્રયત્નો કરતો હતો. મેં એસ.ટી. બેંકમાંથી 70000.00 રુપિયાની લોન લીધીહતી. અન્ય વિકલ્પોની વિચારણા કર્યા પછી પણ બે લાખ રુપિયા જમા કરાવી શકાય તેવી કોઇ શક્યતા દેખાતી નહોતી. આમ છતાં મારા પ્રયત્નો ચાલુ જ હતાં. તેનું એકમાત્ર કારણ હતું - સદ્ગુરુએ આપેલ સમજ...'પ્રયત્ન જ પરમેશ્વર છે.'

6 નવેમ્બર 2002ના દિવસે શ્રીરામ સહકારી બેંક દ્વારા દેવાભરપાઈ કરાવવાના કાર્યોની શરુઆત થઈ ગઈ હતી. બધા જ વિકલ્પો પછી પણ માત્ર એક લાખ રુપિયા જમા થયાં અને બાકીનાં શેષ એક લાખ જમા કરી શક્યા નહોતાં. બીજા દિવસે સવાર પડી હતી અને આજે ગમે તેવી પરિસ્થિતેમાં પણ બે લાખ ભરવા આવશ્યક હતાં. સવારે નિત્ય નિયમની જેમ આહ્નિક કરી હતી. મારા બાપુરાયા સાથે સમગ્ર વાતકરીને મનસ્કાર કર્યા હતાં. ઉદી ગ્રહણ કરી હતી. આજે ફોટામાંથી બાપુજી મને આશ્વાસન આપી રહ્યા હોય તવુ લાગતુ હતું.

હું અને મારો દીકરો યોગેશ બેંકમાં જવા માટે નીકળ્યાં હતાં. શેષ એક લાખ રુપિયા કેવી રીતે જમા કરીશું, આ વિચાર સાથે અમે બેંકમાં પહોંચ્યાં હતાં.

એસ.ટી. બેંકમાંથી ઉપાડેલાં 70000.00 રુપિયા અમારી પાસે હતાં.કેનેરા બેંકમાંથી 30000.00 રુપિયા ઉપાડવા માટે અમે ગયા હતાં. મારી પાસે ચેકબુક ના હોવાથી વિડ્રોલસ્લીપ ભરવાની હતી. એટલામાં નવી ચેકબુક લેવાનો વિચાર આવ્યો હતો અને આ સાથે જમારાશિની તપાસ કરી તો માલૂમ પડ્યું કે બેંકમાં 32000.00 રુપિયા જમા છે. મારી પાસે નવી ચેકબુક લેવા માટે અરજી કરવા, માટે કાગળ નહોતો. તેથી હું મારા દીકરા સાથે બેંકની નજીક આવેલા મારા મિત્રના કાર્યાલયમાં ગયો હતો. તેની પાસેથી કાગળ અને પેન લઈને અરજી લખી હતી. ઘણા દિવસ પછી અમે મળ્યાં હતાં, તેથી તેણે કહ્યું કે ચાલો આપણે ચા પીવા માટે બેસીએ.બેંકમાંથી પૈસા ઉપાડીને



હું પુનઃ તેનાં કાર્યાલયમાં આવ્યો હતો. ચા પીતા પીતા મેં તેને સમગ્ર ઘટના વિષે વાત કરી હતી. તેણે પોતાની ચેકબુક માંથી એક લાખ રુપિયાનો ચેક લખીને મારા હાથમાં આપી દીધો હતો.

મને વિશ્વાસ જ થતો નહોતો. પાછલા એક અઠવાડિયાથી હું આ એક લાખ રુપિયાના ટેન્શનમાં ફરતો હતો. આવી પરિસ્થિતીમાં માત્ર કાગળ અને પેનની મદદ માટે ગયેલાં મિત્ર પાસેથી એક લાખ રુપિયાની મદદ મળી હતી, અને તે પણ મારા માંગ્યા વગર જ! આ આનંદદાયક ઘટનામાંથી મારી જાતને સંભાળતા વિચાર આવ્યો કે મારી સમસ્યાના સમયે મને સહાયતા કરનાર અન્ય કોઈ જ નહિં પરંતુ મારા અનિરુદ્ધ બાપુ જ છે. મારા સદ્ગુરુરાયાની જ આ લીલા હતી કે આવા સમયે પરિચિત વ્યક્તિનું સામે આવવુ અને ગેરેન્ટી લીધા વગર એક લાખ રુપિયાની મદદ કરવી.

'હું તમારો ત્યાગ કદાપિ કરીશ નહિં.' બાપુજીએ આપેલા વચનની મને સુંદર પ્રચિતી થઈ હતી. આ સમયે મને સદ્ગુરુ કૃપાનો ઉંડાણપૂર્વક અર્થ સમજાયો હતો. હું ગમે તેટલો નાનો ભક્ત હોઇશ પરંતુ મારા સદ્ગુરુનું મારા પર સંપૂણ ધ્યાન રહે જ છે... આ વાતની મને સંપૂર્ણ ખાત્રી થઈ ગઈ હતી.

જીવનમાં સમસ્યાઓ તો આવતી જ રહે છે, પરંતુ તેમાંથી ઉચિત રાહ પર લાવનાર બાપુજી સાથે રહેવાથી હવે કોઈ ચિંતા રહી નથી.

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com